Extra No. 13

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] TUESDAY, JANUARY 6, 2026 / PAUSA 17, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબનો**

File No: KHD/MAG/e-file/450/2025/4075/MAG BRANCH- (૧) તા.૦૧/૦૧/૨૬ ના રોજ ખ્રિસ્તી નૂતન વર્ષ ઉજવણી, (૨) તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ પોષસુદ પૂનમ નિમિત્તે ડાકોર શ્રી રણછોડરાયજી મંદિર, વડતાલ શ્રી સ્વામીનારાયણ મંદિર તથા નડીઆદ શ્રી સંતરામ મંદિર ખાતે ધાર્મીક લોકમેળો, (૩) તા.૧૪-૧૫/૦૧/૨૦૨૬ દરમ્યાન ઉત્તરાયણ તહેવાર ઉજવણી, (૪) તા.૨૬/૦૧/૨૦૨૬ ના રોજ પ્રજાસત્તાક દિન ઉજવણી તથા અન્ય અગત્યના આકસ્મિક બંદોબસ્ત તથા વીઆઈપીશ્રી અને મહાનુભાવશ્રી નાઓના ખેડા જિલ્લા હદ વિસ્તારના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવણીમાં સરળતા રહે તે અર્થે તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીના સમય દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરાં પગલાં રૂપે પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓએ તા.૨૫/૧૨/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/હથિયાર જાહેરનામું/૦૧/૧૫૨૯/૨૦૨૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત અમોને આવશ્યક અને ઉચિત જણાયેલ છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા કોઈપણ જાતના ચપ્પુ (અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા) સાથે રાખી ફરવાની અને તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

2) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

3) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

4) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું.

5) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે-કાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

**વિસ્તાર:-** સમગ્ર ખેડા જિલ્લો

**અપવાદ:-** આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

1) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

2) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ, પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

**શિક્ષા:-** આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અંધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા નડીયાદ, તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૫

**જે.બી.દેસાઈ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

-----------

**હુકમ**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો**

File No: KHD/MSC/e-file/450/2025/4076/MAG BRANCH- ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા રાજય વેરા નિરીક્ષક, વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી તા.૦૪/૦૧/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાક થી બપોરના ૧૩:૦૦ કલાક સુધી ખેડા જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. જેથી તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, નડીઆદનાઓએ તેઓના તા.૨૩/૧૨/૨૦૨૫ ના પત્ર જા.નં./જી.પી.એસ.સી./૨૦૨૫/૭૨૪૬-૪૭ થી અત્રે દરખાસ્ત કરેલ છે. ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ સાથે બિડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

**પ્રતિબંધિત વિસ્તાર:** - અનુસૂચિત પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

**પ્રતિબંધિત કૃત્યો:-**

પરીક્ષાર્થી અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું, આ રીતના કોઈપણ દુષ્પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિક પણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈ પણ વસ્તુ, ઈલેકટ્રોનીક ગેઝેટ જેવા કે ફેક્સ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઈલેકટ્રોનીક ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકી-ટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રેરણ કરવા પર પ્રતિબંધ રહેશે. તથા ઉકત અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં માઇક / લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી આપવા તથા વગાડવા પર પ્રતિબંધ રહેશે.

**સમયગાળો** :- તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાક થી બપોરના ૧૩:૦૦ કલાક સુધીના સમયગાળા માટે (ખેડા જિલ્લાના આ સાથે સામેલ અનુસૂચિ મુજબનાં જે કેન્દ્રો પર પરીક્ષા હોય તેને અનુરૂપ)

**શિક્ષા:-** આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## અનુસૂચિ

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજીત રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી તા.૦૪/૦૧/૨૦૨૬

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજ નું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | પરિક્ષાર્થીની સંખ્યા | રૂમ/બ્લોકની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 30936-JEEVAN VIKAS HIGH SCHOOL | NEAR TALUKDARI HOSTEL OPP. DSP OFFICE, ASHRAM ROAD, NADIAD, DIST-KHEDA | 192 | 8 |
| 2 | 13143-SHRI SARASWATI HINDI VIDHYAMANDIR | BHOJA TALAVADI ROAD, NEAR RAJEEV NAGAR, NADIAD, DIST-KHEDA | 240 | 10 |
| 3 | 34268 SANSKAR VIDHYALAY | BARKOSHIYA ROAD, BARKOSHIYA AREA, NADIAD, DIST-KHEDA | 240 | 10 |
| 4 | 63404-JAVAHAR VIDHYALAY | JAVAHAR NAGAR, NEAR JHULELAL TEMPLE.MANJIPURA ROAD, NADIAD, DIST-KHEDA | 240 | 10 |
| 5 | 13135-NEW ENGLISH SCHOOL CENTER A | R.T.PATEL ROAD, BEHIND RAILWAY STATION, NADIAD, DIST-KHEDA | 122 | 6 |
| 6 | 13135-NEW ENGLISH SCHOOL CENTER B | R.T.PATEL ROAD, BEHIND RAILWAY STATION, NADIAD, DIST-KHEDA | 122 | 6 |

ખેડા-નડીયાદ, તા.૩૦મી ડિસેમ્બર, ૨૦૨૬

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

-----------



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.23 19:34:10 IST